પ્રો.ડૉ. એમ. એમ. જગાણી
મદદનીશ પ્રાધ્યાપક(ગુ.શિ.સે.વર્ગ-૨)
રાજ્યશાસ્ત્ર વિભાગ, એમ.એન.કોલેજ,
વિસનગર , જિ-મહેસાણા .

# સરદાર પટેલ પ્રેરિત મહિલા નેતૃત્વ

આ દેશમાં ગાંધીજીએ દેશના ઉત્થાન માટે જે અનેક પ્રવૃતિઓ હાથ ધરી તેમાં સ્ત્રી ઉન્નતિ પણ એક હતી. સ્ત્રીઓનો દરજજો પુરૂષો કરતાં કંઈક નીચો હતો. સ્ત્રીઓ સ્વતંત્રતા ને પાત્ર નથી એવું સ્મૃતિ–વચન પણ સ્ત્રી ઉન્નતિની વિરૂધ્ધ જતું હતું. છોકરીના જન્મને સમાજ વધાવતો ન હતો, ઉલટો તેને દૂધ પીતી કરી દેતો પુરૂષ પોતાને સ્ત્રીથી શ્રેષ્ઠ માનતો અને લગ્ન જીવનમાં પણ સ્ત્રી પતિની સમાન સહચરી નહીં પણ ઢીંગલી કે ભોગના સાધનરૂપ ગણાતી, સ્ત્રીઓની આ દશાની સામે ગાંધીજીએ બંડ પોકાર્યું. સત્યાગ્રહની લડતમાં સ્ત્રીઓનો સાથ લઈને તેમને ઘરના અંધકારમાંથી બહાર કાઢી જીવનના એકેએક ક્ષેત્રમાં સ્ત્રીઓ પુરૂષોની સાથે સમાન ભાવે ગૌરવ પૂર્વક ઉભી રહી શકે તે માટે દેશના કોંગ્રેસીઓને તેમના પરમ ધર્મ અને કર્તવ્યનું ભાન કરાવવા ગાંધીજીએ કહયું કે,

" મહાસભા વાદીઓના મનમાં હજી એમ સ્પષ્ટ સુઝયું નથી કે સ્વરાજ માટેની લડતમાં સ્ત્રીઓ સરખી ભાગીદાર બનેલી છે. તેઓ એમ સમજયા નથી કે સેવા કાર્યમાં સ્ત્રી એ પુરૂષની ખરેખરી સહચરી હોવી જોઈએ. જે રૂઢિઓ અને કાયદાઓ પુરૂષોએ ઘડેલા હતા અને જે ઘડવામાં સ્ત્રીઓનો હાથ બિલકુલ ન હતો તે રૂઢિઓ અને કાયદા તળે સ્ત્રીઓને કચડવામાં આવી છે. અહિંસા પર રચાયેલી જીવનની યોજનામાં જેટલો અધિકાર પુરૂષને પોતાનું ભાવિ ઘડવામાં છે તેટલો જ અધિકાર સ્ત્રીને તેનું પોતાનું ભાવિ ઘડવાનો રહેલો છે.

સ્ત્રીઓને પોતે પુરૂષોની દાસી છે એમ માનવાનું શિક્ષણ આટલો કાળ અપાયુ છે. સ્ત્રીઓને તેમના પુરા દરજ્જાનું ભાન થાય ને તેઓ પુરૂષોની સમોવડી તરીકે પોતાનો ભાગ ભજવી શકે એ શકિત સ્ત્રીઓમા ઉત્પન્ન કરવી એ મહાસભા વાદીઓનું કર્તવ્ય છે."

આપણા દેશમાં ખાસ કરીને સ્ત્રી સ્વતંત્રતા અંગે યોગદાન આપનારા આધૂનિક બુધ્ધિ જીવીઓમાં સૌ પ્રથમ રાજારામ મોહન રોય આવે છે. પોતાના સમયના સમાજમાં સતીપ્રથા તેમજ બહુ પત્ની પ્રથા વ્યાપક પ્રમાણમાં અમલમાં હોવાથી આ દુષણોને દુર કરવાનું બીડું તેમણે ઝડપ્યું હતું. ભારતમાં પ્રવર્તતા સતી પ્રથાના કુરિવાજે બ્રિટિશ શાસનનું ધ્યાન છેક ૧૭૮૯ થી ખેંચ્યું હતું. પરંતુ હિંદુઓની ધાર્મિક બાબતમાં દરમ્યાનગીરી નહીં કરવા માટે છેક ૧૮૧૩ સુધી તેણે આ દિશામાં કશું પગલું ભર્યુ નહીં. અંગ્રેજ અમલદારો સતી થવાના બનાવોની પોત પોતાના અહેવાલોમાં નોંધ લેતા તેઓ જણાવતા હતા કે સતી બનવા માટે પરાણે ફરજ પાડવામાં આવતી હતી તેમજ શારિરીક બળનો કે પછી કેફી દ્રવ્યોનો ઉપયોગ કરીને નિરાધાર અને અસહાય એવી વિધવાઓને સળગતી ચિતા પર ચડાવી દેવામાં આવતી હતી. સ્ત્રી સ્વાતંત્ર્યના પ્રખર હિમાયતી એવા રાજા રામ મોહનરોય ના કૌટુંબિક જીવનમાં જ એક એવી ઘટના બની જેના લીધે તેઓ સતી પ્રથાના કટ્ટર વિરોધી બન્યા હતા તેમના મોટાભાઈ જગમોહનનું ૧૮૧૧ માં અવસાન થયું. રાજારામ મોહનરોયના ભાભીએ પોતાના પતિ સાથે સતી થવાની ઈચ્છા જાહેર કરતા તેમણે પોતાના ભાભીને ખુબ સમજાવ્યા પરંતું તેમને સફળતા મળી નહીં. જયારે તેમના ભાભી ચિતા પર ચઢયા ત્યારે અગ્નિની દાહકતા અસહય બનતાં તેમણે ચિતા પરથી નાસી જવાનો પ્રયત્ન કર્યો પરંતુ સગા–સબંધીઓએ વાંસડાઓની મદદથી તેમને છટકી જતાં રોકયાં અને પરાણે સતી થવાની તેમને ફરજ પાડી આ બનાવથી રાજારામ મોહનરોયને એટલો બધો આઘાત લાગ્યો કે તેમણે ત્યાંજ પ્રતિજ્ઞા લીધી કે જયાં સુધી પોતે સતી થવાની અમાનવીય પ્રથાનો અંત નહિ લાવે ત્યાં સુધી ઝંપીને બેસશે નહીં. તેમના જણાવ્યા અનુસાર ૧૮૧૫ થી ૧૮૧૮ ના ગાળા દરમિયાન ૨૩૬૫ વિધવાઓને જીવતી સળગાવી દેવામાં આવી હતી, આમાંથી ૧૫૨૮ જેટલી વિધવાઓતો માત્ર કલકતા અને આજુબાજુના વિસ્તારોની જ હતી. તેમના જણાવ્યા અનુસાર અંગત સ્વાર્થના કારણે જ વિધવાને સતી થવાની ફરજ પાડવામાં આવે છે મોટાભાગની સ્ત્રીઓ કયાં તો દબાણ કે પછી લાગણીના પ્રવાહમાં તણાઈ જઈને સતી થવાનો નિર્ણય કરતી હોય છે. પરંતુ જયારે વાસ્તવિકતાનો

સામનો કરવાનો આવે છે ત્યારે સળગતી ચિતામાંથી ભાગી જવાના પ્રયત્નો પણ થાય છે, પરંતુ તેમને છટકવા દેવામાં આવતી નથી અને પરાણે બળી મરવાની ફરજ પાડવામાં આવે છે. આમ કરવું એ હકીકતમાં તો ખુન કરવા બરાબર છે. ઈ.સ.૧૮૧૫ થી ઈ.સ.૧૮૨૮ દરમ્યાન બંગાળ પ્રેસિડેન્સીમાં દર વર્ષે કેટલી સ્ત્રીઓ સતી થઈ તેના જે સત્તાવાર વાર્ષિક પત્રકો પ્રસિધ્ધ થયા તે સતી થવા અંગે આ પ્રમાણેનો ખ્યાલ આપે છે.

| અ.નં. | વર્ષ | સતી થવાની સત્તાવાર સંખ્યા |
|---|---|---|
| ૧ | ૧૮૧૫ | ૩૭૮ |
| ૨ | ૧૮૧૬ | ૪૪૨ |
| ૩ | ૧૮૧૭ | ૭૦૭ |
| ૪ | ૧૮૧૮ | ૮૩૯ |
| ૫ | ૧૮૧૯ | ૬૫૦ |
| ૬ | ૧૮૨૦ | ૫૯૮ |
| ૭ | ૧૮૨૧ | ૬૫૩ |
| ૮ | ૧૮૨૨ | ૫૮૩ |
| ૯ | ૧૮૨૩ | ૫૭૫ |
| ૧૦ | ૧૮૨૪ | ૫૭૨ |
| ૧૧ | ૧૮૨૫ | ૬૩૯ |
| ૧૨ | ૧૮૨૬ | ૫૧૮ |
| ૧૩ | ૧૮૨૭ | ૫૧૭ |
| ૧૪ | ૧૮૨૮ | ૪૬૩ |

પરિણામે ઈ.સ.૧૮૨૯ માં વાઈસરોય અને ગવર્નર જનરલ લોર્ડ વિલિયમ બેન્ટિકે સતી પ્રથાને કાનૂની રીતે બંધ કરવા વિચાર્યુ અને આજ વર્ષમાં સતી પ્રથા પર કાનૂની નિયંત્રણ મૂકવામાં આવ્યું.

આજ પ્રમાણે શિક્ષણશાસ્ત્રી ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે વિધવા પુનર્વિવાહ માટે કાનૂની જોગવાઈ પુરી પાડવાની સરકારને ફરજ પાડી વિદ્યાસાગરે વિધવા પુનઃવિવાહનો સમાજ સ્વીકાર કરે તે માટે હિંદુ ધર્મગ્રંથોનો ખંતપૂર્વક અભ્યાસ કર્યો તેમના સંશોધન થકી તેમને પરાશર સંહિતામાંથી એક શ્લોક મળી આવ્યો તેના આધારે તેમણે એવું સાબિત કરી બતાવ્યું કે અમુક સંજોગોમાં શાસ્ત્ર પણ વિધવાઓને પુનઃવિવાહ કરવાની છુટ આપે છે. પરાશરના જણાવ્યા

પ્રમાણે પતિના કોઈપણ સમાચાર ન મળે તો, તેનું મૃત્યું થાય તો, તે સાધુ બની જાય તો, પતિ નિર્વીય હોય તો અથવા પતિનું પતન થયું હોય તો વિધવા સ્ત્રી પુનઃવિવાહ કરી શકે છે.

આ શાસ્ત્ર પ્રમાણને રજુ કર્યા પછી વિદ્યાસાગરે એવી દલીલ પણ રજુ કરી કે કાયદા ધ્વારા સતીપ્રથા પર પ્રતિબંધ મૂકયો હોવાથી અને કળિયુગમાં સ્ત્રીઓ માટે આજીવન બ્રહમચર્ય પાળવું અશકય હોવાથી ત્રીજો વિકલ્પ માત્ર એજ રહે છે કે, તેમનું પુનર્લગ્ન કરવું તેમણે એવું પણ ભાર પૂર્વક જણાવ્યું હતું કે, કળિયુગમાં પરાશર સંહિતા વિશિષ્ટ પ્રસ્તુતા ધરાવે છે. શ્રી વિદ્યાસાગરે વિધવાઓના પુનર્વિવાહને કાનૂની સ્વરૂપ મળે તે માટેના પ્રયત્નો હાથ ધર્યા. આ માટે તેમણે " ધી ઈન્ડિયન લેજીસ્લેટિવ કાઉન્સિલને " સમાજના પ્રગતિશીલ લોકોના ટેકા સાથે અરજી મોકલવાની વ્યવસ્થા કરી. આ અરજી પર ૯૮૭ વ્યકિતઓએ સહી કરી હતી. ઈ.સ.૧૮૫૫ ના નવેમ્બર માસમાં "ધી ઈન્ડિયન લેજીસ્લેટિવ કાઉન્સીલના" સભ્ય જે.પી. ગ્રાન્ટે આ સંબંધે કાઉન્સિલમાં ખરડો રજૂ કર્યો. ૨૬ જુલાઈ ૧૮૫૬ ના રોજ આ ખરડાને ગવર્નર જનરલની મંજુરી મળતા આ દિવસ ભારતના સામાજીક સુધારણાના ક્ષેત્રે મંગળ પર્વનો દિવસ બની ગયો. વિધવા પુનર્વિવાહની સમસ્યાને હલ કરવા વિદ્યાસાગરના ખ્યાલમાં એ હકીકત આવી કે વિધવાઓનું પ્રમાણ વધી રહયું છે તેનું એક ખુબજ મહત્વનું કારણ બહુપત્ની પ્રથા છે. પરિણામે તેમણે વિધવા પુનઃવિવાહની ઝુંબેશ સાથે બહુપત્ની પ્રથાનો પણ ઉગ્ર વિરોધ શરૂ કર્યો. શ્રી ઈશ્વરચંદ્રવિદ્યાસાગરના જણાવ્યા અનુસાર ૫૫ વર્ષના ભોળાનાથ બંધોપાધ્યાયને ૮૦ પત્નીઓ હતી, ૬૪ વર્ષના ભગવાનચટ્ટો પાધ્યાયને ૭૨ પત્નીઓ હતી, ૫૫ વર્ષના પૂર્ણ મુખોપાધ્યાયને ૬૨ પત્નીઓ હતી, ૪૦ વર્ષના મધુસુદનમુખોપાધ્યાયને ૫૬ પત્નીઓ હતી અને ૨૦ વર્ષના દુર્ગા બંદોપાધ્યાયને ૧૬ પત્નીઓ હતી.

સાથોસાથ બંગાળમાં પ્રવર્તતી કુલીનવાદની પણ તેમણે ભારે ટીકા અને વિરોધ કર્યો કેમ કે કુલીનવાદ એટલે બ્રાહમણ જ્ઞાતિપ્રથાનું જડ સ્વરૂપ, જયારે ઉચ્ચ જ્ઞાતિમાંથી પોતાની પુત્રી માટે યોગ્ય વર મળતો નહીં ત્યારે મા–બાપ કોઈપણ કુલીનની સાથે ભલે પછી તે વૃધ્ધ કે ઘણી પત્નીઓ ધરાવતો હોય, પોતાની પુત્રીના લગ્ન તેની સાથે કરી નાખતા આ કુલીનવાદે બહુપત્ની પ્રથાને વેગ આપ્યો હતો.

સરદાર વલ્લભભાઈ પટેલ પોતાના જાહેર કાર્યોમાં એટલા વ્યસ્ત રહેતા કે ઘણીવાર પોતાના ગૃહ જીવનની કેટલીક અંગત વાતો પણ ભૂલી જતા હતા સને ૧૯૨૪ ના જાન્યુઆરીમાં વલ્લભભાઈ કરમસદ આવ્યા ત્યારે તેમના માતૃશ્રી લાડબાએ મણિબેન માટે વાત ઉપાડી તે જમાનામાં છોકરાઓ પરણતા, તેના કરતાં મણિબહેન મોટા થઈ ગયા હતાં, લાડબાને તેમની ચિંતા સતાવતી હતી છતાં સરદારે જવાબ આપ્યો " જે થવાનું હશે તે થશે " લાડબાએ કહયું ભગવાને મને મણિબેનના લગ્નનો દિવસ જોવા જ જીવતી રાખી છે પણ વલ્લભભાઈ મુંગા રહયા. લગ્ન અંગે તેમણે મણિબેનને પુછયું ન હતું અથવા લાયક મુરતિયો ખોળ્યો ન હતો. બાપ–દીકરી વચ્ચેના આંતરો અને વલ્લભભાઈના અનેકવિધ રોકાણો વચ્ચે આવતાં હતા. દીકરીના લગ્ન અંગેની વલ્લભભાઈની દેખાતી ઉપેક્ષા કદાચ પરણેલી સ્ત્રીઓના નાની વયે થતા મરણના અનુભવ જોડે સંકળાયેલી હતી. આ ઉપરાત વળી ગાંધીજી મણિબેન અને ડાહયાભાઈનું બાપ તરીકે ધ્યાન રાખતા હતા આ બંને ભાઈ બહેન પોતાના ભવિષ્ય અંગે બાપ કરતાં ગાંધીજી જોડે વધારે છુટથી વાતો કરતા હતાં.

બોરસદના વિજેતા વલ્લભભાઈ સરકારને સામી છાતીએ જડબાતોડ જવાબ વાળતા હતા પણ મણિબેનના વેવિશાળ અંગે જયારે લાડબાએ વાત કાઢી ત્યારે મુંગા રહેવું પડયું ત્યારે લાડબાએ નારાજ થઈને જણાવ્યું કે તારી વાત સાચી છે છોકરા શું ભણે છે તેની પણ જે બાપને ખબર નથી તે વળી જમાઈ કયાંથી શોધવાનો છે.

પોતાના પિતાની સેવિકા તરીકે રહી ચૂકેલા મણિબેન પણ ઘણીવાર એકલા એકલા રડતા અને હતાશ થઈ જતાં પોતાના લગ્ન અંગેની ચિંતા પોતાને અને ભાઈને એકલા છોડીને પિતા ગમે ત્યારે જેલમાં જશે તેવી ફિકર અને બાપ દીકરી વચ્ચે લાંબી વાતચીતનો અભાવ – આ બધાને કારણે મણિબેન એકલતા અનુભવતા હતા. સને ૧૯૨૩ ના ઓગષ્ટમાં વલ્લભભાઈ નાગપુર લડતનું સંચાલન કરતા હતા અને લડત પુરજોશમાં ચાલતી હતી ત્યારે તેમની ધરપકડ થશે તેવો ડર સૌથી મહત્વનું કારણ હતું, અમદાવાદથી મહાદેવદેસાઈએ વલ્લભભાઈ ને જણાવ્યું કે નાગપુરમાં બાપ જોડે થોડો વખત રહીને પાછા ફરેલા મણિબેન ઘરમાં રડયા કરતાં હતાં. મહાદેવભાઈને જવાબ વાળતા વલ્લભભાઈ લખે છે દેવદાસ (ગાંધીજીના સૌથી નાના દીકરા) અને તમારે અવાર નવાર મારે ત્યાં જતાં રહેવું નાનાં બાળકોને એકલા પણું ન લાગે તેનું ધ્યાન તો તમો રાખશો જ મણિબેન

શા માટે રડયા કરે છે તે મને સમજાતું નથી. તે હિંમતવાન છે અહીંની લડત માટે જેલમાં જવાનું તેણે જ ઉતેજન આપેલું છે તો પછી રડવાનું શા માટે ?

આમ પોતાના કાર્યોમાં સતત વ્યસ્ત રહેતા સરદાર પોતાના અંગત જીવન માટે કે કોઈ ખાસ વર્ગ માટે સમય ફાળવતા જોવા મળતા નથી, છતાં તેમના સમયમાં અને મહાત્મા ગાંધીજીની પ્રેરણાથી અમદાવાદમાં સ્ત્રી નેતૃત્વ શકિતનો વિકાસ થયેલો જોવા મળે છે.

હિંદની સ્ત્રીઓમાં સુષુપ્ત પડેલી અખુટ શકિતને જગાડવામાં અને એ શકિતનો સ્ત્રીઓ પોતે સાક્ષાત્કાર કરી શકે તે માટે ગાંધીજીએ પરમપુરૂષાર્થ કર્યો છે. સ્ત્રીઓને ગાંધીજીએ ત્યાગ, અહિંસા, ધૈર્ય, સહનશીલતા અને ધર્મની સાક્ષાત મૂર્તિઓ કહીને બિરદાવી છે. તેથી સત્યાગ્રહ જેવી અહિંસક લડતમાં તેમણે સ્ત્રીઓને દાખલ કરી હિંસક યુધ્ધમાં પુરૂષ પોતાનું પાશવી બળ બતાવી શકે પણ અહિંસક લડતમાં કષ્ટ સહન ધ્વારા વિરોધીઓના હદયનું પરિવર્તન કરાવવાની અમોધ શકિત પુરૂષો કરતાં સ્ત્રીઓમાં વિશેષ છે. એ તેમણે જોયું તેથી જ તેમણે સ્ત્રીઓ પાસેથી અપેક્ષા રાખી કે " ભાવિ લડતમાં મારા સૈન્યમાં પુરૂષો કરતાં સ્ત્રીઓની જ વિશાળ પ્રમાણમાં વધુ સંખ્યા ભરતી થાય એમ જોઉ તો હું રાજી થાઉ. "

ગાંધીજી પાસે સ્ત્રીનુ– માતાનું હદય હતું તેથી જ એક સત્ય–નિષ્ઠ અને લોકોત્તર સમાજ સેવક તરીકે તેમણે સ્ત્રીઓને દોરવણી આપી. સ્ત્રી–પુરૂષના ભેદો ભલે કુદરતે મૂકયા હોય પણ આત્મ સ્વરૂપે તે બંને સરખા છે. તેથી જ દીકરાના જન્મને વધાવતા અને દીકરીના જન્મને વખોડતા સમાજને તેમણે ઠપકો આપ્યો, બાપની મિલકત પર દીકરો અને દીકરી બંનેનો સરખો અધિકાર છે એ સિધ્ધાંતનો તેમણે રાષ્ટ્ર પાસે સ્વીકાર કરાવ્યો અને એનાજ ફળ સ્વરૂપે હિંદુ કાયદામાં દીકરાઓના હકકનો સ્વીકાર થયો. એથીય આગળ વધીને તેમણે કહયું કે, પતિની મિલકતમાં પતિ પત્ની બંને સરખા હકકદાર છે, પતિ પત્નિની મદદથીજ કમાય છે. પછી ભલે પત્ની રસોઈ કરતી હોય એ બંનેની ફરજો એકબીજા પ્રત્યે અને જગત પ્રત્યે સરખી છે. ગાંધીજીએ પુરૂષોની નકલ કરવા સામે સ્ત્રીઓને ચેતવી છે.

હિંદની સ્વતંત્રતાની લડત અને સરદાર પટેલના નેતૃત્વની હિંદના સમાજજીવન પર ઘેરી અસરો થઈ છે અને સરદારમાંથી પ્રેરણા લઈને સ્ત્રી નેતૃત્વ શકિત નો ઉદભવ અને વિકાસ થયો છે. ઈ.સ. ૧૯૦૪ ના માર્ચ મહિનામાં ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં ફિનિકસ આશ્રમની સ્થાપના કરી,

ઈ.સ.૧૯૧૫ ના મે માસમાં તેમણે અમદાવાદમાં કોચરબ આશ્રમની સ્થાપના કરી, આના પરિણામ સ્વરૂપે કેટલીક બહેનો ગાંધીજીની આ પ્રવૃતિઓ પ્રત્યે આકર્ષાઈ અને ઈ.સ.૧૯૧૭ ના જુન માસની ૧૬ મી તારીખે સાબરમતી આશ્રમની સ્થાપના થઈ આ સમયમાં સ્ત્રી નેતૃત્વ શકિતને ખીલવવા તથા વિકસવાની વિસ્તૃત તક સાંપડી છે.

ગાંધીજીએ એક વિશિષ્ટ પ્રયોગ ધ્વારા આશ્રમને સ્ત્રી નેતૃત્વ તાલીમ શાળા બનાવ્યો હતો. ગાંધીજી તેના મુખ્ય શિક્ષક હતા શ્રી કાકા સાહેબ કાલેલકર તેમજ શ્રી કિશોર મશરૂવાળાને મદદનીશ શિક્ષકો તરીકે તેમાં સ્થાન મળ્યું હતું.

કું. મણિબેન વલ્લભભાઈ પટેલનું ઘડતર કરવાનો જે પ્રયાસ થયો તેને શ્રી જીવણજી ડાયાભાઈ દેસાઈ નીચેના કથનોમાં નવાજે છે.

" શ્રી મણિબેન પરના આ પત્રોમાં આપણે આદિથી અંત સુધી એક વસ્તલ પિતાનું હદય ધબકતું અનુભવી શકીએ છીએ. શ્રી મણિબેને નાની ઉમરમાં માતાની હુંફ ગુમાવી હતી, વળી કેટલીક સામાજીક રૂઢિઓ અને કૌટુંબિક આમન્યાઓને કારણે બહું મોટી ઉમર સુધી એ પિતાનો પ્રેમ પણ અનુભવી શકયા ન હોતાં, આ સંજોગોમાં ઉછરેલા એમને પોતાની પાંખમાં લઈ પિતા અને માતા બંનેનું સ્થાન સંભાળી એ ઉણપ પુરી કરીને અને એમનું જીવન ઘડતર પોતાના હાથમાં લઈને એમની શકિતઓ રાષ્ટ્ર સેવાના કાર્યમાં વપરાય એ રીતે એમને ખુબ કાળજી પૂર્વક તૈયાર કર્યા. ઈ.સ.૧૯૨૦ થી ૧૯૪૭ દરમ્યાન જે એક નેતૃત્વ–તાલીમ–પ્રયોગ જાણે અજાણ્યે થઈ ગયો એનો અભ્યાસ એથી વધુ વિકાસશીલ નેતૃત્વ–તાલીમ સર્જનશકિત બક્ષી શકે તેમ છે. એ શકિતને અમલી બનાવી સાકાર પરિણામો સમાજને આપવાથી ઈતિહાસ–અભ્યાસ તેમજ સંશોધનનું મહત્વ આપો આપ સમજાશે.

## <u>સરદારના સમયની સ્વદેશી પ્રવૃતિઓ અને સ્ત્રીઓ :–</u>

અમદાવાદમાં સ્વદેશીનું વાતાવરણ તૈયાર થયું હતું. વિદેશી કાપડ બહિષ્કારસમિતિ પિકેટીંગ મંડળ , મદ્યનિષેધ પ્રવૃતિ, સભા, સરઘસો, સત્યાગ્રહપત્રિકાઓ, ધરપકડો, જેલ વગેરેથી અમદાવાદનું સ્ત્રી જગત ધમધમી ઉઠયું હતું. વિદેશી કાપડ બહિષ્કાર ની પ્રતિજ્ઞાઓ લેવાવા લાગી હતી. બહેનોના આ કાર્યક્રમો યોજનાર મંડળોની કાર્યવાહી પણ સાથોસાથ વિકસતી ગઈ.

ગાંધીજી લખે છે " સ્ત્રીઓ પોતાને અબળા માનીને આવા કામમાંથી મુકત થઈ શકતી નથી અબળા એ વિશેષણ આત્માને વિષે તો લાગું ન જ પડે એ તો શરીર ને વિષે કહેવાયું છે.

આ સમયની સ્ત્રીઓમાં ગાંધીજીની પ્રેરણાથી કસ્તુરબા પણ સ્વદેશી ભાવનાનું વાતાવરણ ઉભુ કરવામાં મદદરૂપ થતાં હતાં શ્રી સરલા દેવી સારાભાઈ જેવી બહેનોએ પણ ભાષણો, લખાણો ધ્વારા આ દિશામાં પ્રયત્નો કરતી હતી મારાંબેન જેવી પરદેશી સ્ત્રી કાંતણ ક્રિયામાં વૈજ્ઞાનિક શોધખોળ કરવા બનતો પ્રયાસ કરતી હતી.

અમદાવાદ શહેરની નામાંકિત વ્યકિતઓએ જુદાજુદા વિભાગોમાં ખાદી–વેચાણ પ્રવૃતિનો પ્રારંભ કર્યો હતો. બહેનો પણ આ પ્રવૃતિમાં ઉત્સાહભેર ભાગ લેતી, રાષ્ટ્રીય સપ્તાહ દરમિયાન ખાદી વેચાણના કાર્યક્રમો યોજાતાં, ઈ.સ.૧૯૨૨ માં આ રીતે શ્રી વલ્લભભાઈ પટેલ રાયપુરમાં આવેલી ખાદીની દુકાને તેમજ બીજા વિભાગોમાં શ્રી નંદુબહેન કાનુગા તથા નિર્મલાબેને ખાદી વેચવાનું કામ કર્યુ હતું.

સ્વદેશી પ્રચાર સમિતિના મંત્રી તરીકે ઈન્દુમતી ચીમનલાલ શેઠ હતા, વિદેશી કાપડ બહિષ્કાર સમિતિ રચાઈ અને એ પ્રવૃતિ પણ પાંગરતી ગઈ. ઈ.સ.૧૯૩૦ ના એપ્રિલની ૧૩ મી તારીખે રવિવારે દાંડીમાં સ્ત્રીઓની પ્રથમ પરિષદ ભરાઈ હતી. શ્રીમતી તૈયબજી આ સમિતિના પ્રમુખ સ્થાને હતા. શ્રીમતી મીઠુબહેન પિટીટ મંત્રી હતા, શ્રી મણિબેન પટેલ સભ્ય હતા.

કોઈપણ રાષ્ટ્રમાં સ્ત્રીઓનું સ્થાન એ જ રાષ્ટ્રની પ્રગતિની સાચી પારાશીશી છે, દેશની સ્ત્રીઓ રાજકીય, સામાજીક અને આર્થિક રીતે સ્વતંત્ર ન હોય ત્યાં સુધી કોઈપણ દેશ સ્વતંત્ર ન બની શકે અને આથી જ મારી માન્યતા દૃઢ થતી જાય છે. કે હિંદનું ભાવિ એના પુત્રો કરતાં વધું પ્રમાણમાં પુત્રીઓના હાથમાં છે. સ્વાતંત્ર્યના યુધ્ધમાં સ્ત્રીઓએ જે હિસ્સો આપ્યો છે તેજ આપણી પ્રેરણાનું મૂળ છે.

અમદાવાદના એક પ્રતિષ્ઠિત આગેવાન મીલ માલીક શ્રી અંબાલાલ સારાભાઈના સુપુત્રીઓ માંના એક મૃદુલાબેન હતા. યુવાન મૃદુલાબેન અમદાવાદના યુવક સંઘની ચર્ચામાં સક્રિય રસ લેતાં જણાય છે. ઈ.સ. ૧૯૩૭ માં સ્થપાયેલા " વિકાસ ગૃહના " સંચાલકોમાં પુષ્પાવતી મહેતા મુખ્ય હતા. ઈ.સ.૧૯૪૨ ના સ્ત્રી વોર્ડ નાયક નેતાઓમાં નિર્મળા દેસાઈ, વનલીલા કિનારી વાલા ઉદય પ્રભાબેન મહેતા, પદમાબેન બળવંતભાઈ શાહ, કલાબેન શાહ, ચંચળબેન, શશીબેન,

યશસ્વતીબેન ભટ્ટ, રંજનબેન દલાલ, વીણાબેન અમીન, સુમિત્રા ઠાકોર, કલ્પનાબેન પ્રભુ, ઉમાબેન પદકી વગેરે મુખ્ય હતા.

**<u>સ્વનેતૃત્વ શકિત :–</u>**

ગાંધી તેમજ સરદારને પોતાના મન, હદય અને શરીરને દોરવાની શકિતને યથાર્થ રૂપે, પૂર્ણરીતે વિકસિત કરવામાં અથવા પ્રકાશિત કરવામાં ખુબજ રસ હતો. આ નેતૃત્વને સમજવા માટેનાં મુખ્ય લક્ષણો નીચે મુજબ રજુ કરી શકાય.

(૧) ગાંધી પ્રભાવ હેઠળ ઉભુ થયેલું સ્ત્રી નેતૃત્વ.

(૨) પ્રવૃતિગત સ્ત્રી નેતૃત્વ.

(૩) સંસ્થાકીય સ્ત્રી નેતૃત્વ.

(૪) ભાઈઓના સાથ–સહકારથી ઉભું થયેલું સ્ત્રી નેતૃત્વ.

(૫) સ્ત્રીના સ્ત્રીસહજ ગુણો અને માતૃત્વ ભાવનામાંથી ઉદભવતું સ્ત્રી નેતૃત્વ– એટલે કે સર્જક, રક્ષક, પોષક, મૂક, સ્પર્ધા અને સ્વાર્થ રહિત સ્ત્રી નેતૃત્વ.

(૬) બાહય પરિવર્તન કરતાં વધારે આંતરિક પરિવર્તન પ્રેરક સ્ત્રી નેતૃત્વ.

(૭) સ્ત્રી નેતૃત્વ સમજણ આખરે લિંગભેદ ની ઉપરવટ જવા માટે છે.

(૮) સત્ય અહિંસા પ્રેમ નિષ્ટ, મૂલ્ય નિષ્ટ, જીવન નિષ્ટ સ્ત્રી નેતૃત્વ.

(૯) શુધ્ધીકરણ, ઉર્ધ્વીકરણ, અધ્યાત્મીકરણ ની પ્રક્રિયાઓને સિધ્ધ કરવા મથતું એટલે કે વ્યકિતગત, સમાજરાજકીય જીવનનું અધ્યાત્મી કરણ સિધ્ધ કરવા ઈચ્છતું સ્ત્રી નેતૃત્વ.

સ્ત્રી નેતૃત્વ પાસેથી બીજી એક અપેક્ષા રાખી શકાય તે છે અભયની કેળવણી સ્ત્રી એ માતૃશકિત છે અને માતૃશકિતમાં કેળવણીના સંસ્કાર સહજ છે, આથી સહજ રીતે સ્ત્રી પાસેથી સમાજ અને રાજકારણના શુધ્ધિકરણની–આધ્યાત્મિક કરણની અપેક્ષા રખાય. સરદારના મતે આધ્યાત્મિક તાલીમ એટલે હદયની કેળવણી, મનની યોગ્ય અને સર્વાંગીય કેળવણી, સ્ત્રી જો આ કેળવણી લઈ શકે અને કેળવણી માંથી નેતૃત્વ શકિત નિષ્પન્ન થાય તો જરૂર અસરકારક સ્ત્રી નેતૃત્વ જન્મવાની પ્રક્રિયામાં સફળતા સાંપડે.

જયારે નેતૃત્વ શકિતનો પાયો આધ્યાત્મિક હોય તથા પડકારોને ઝીલી શકે અને તેનો સફળ સામનો કરી શકે તેવું નેતૃત્વ જન્મવાની વિચારણામાંથી જ મનોવૈજ્ઞાનિક પડકારોને સમજવા નીચેના મુખ્ય મુદ્દાઓ નોંધ્યા છે.

(૧) જેમ હજું માનવ જન્મવાનો બાકી છે , તેમ હજું સ્ત્રી પણ જન્મવાની બાકી છે, સ્ત્રીએ સ્ત્રીત્વ સાથે નેતૃત્વ શકિત જન્માવાની છે.

(૨) પ્રવર્તમાન પરિસ્થિતિમાં સ્ત્રી અને પુરૂષ એકબીજાને હરિફ–પ્રતિસ્પર્ધી તરીકે જુએ છે. આથી સ્ત્રીનું સર્વોચ્ચ નેતૃત્વ પુરૂષ નેતૃત્વને સહજ રીતે ખૂંચે છે. આ સંજોગોમાં સ્ત્રીએ પુરૂષના નેતૃત્વ માનસને કુશળતાથી સંભાળવાનું છે. સ્ત્રી એ ઠંડી તાકાત પ્રગટાવવાની છે.

(૩) સ્ત્રીએ તેની માતૃત્વ શકિતનો વધુ ઉપયોગ કરવાનો છે. સ્ત્રી નેતૃત્વનું ઉદગમ સ્થાન સ્ત્રીની માતૃત્વ શકિત હોય તો ઘણો ફાયદો રહે છે.

આત્મરક્ષા કે દેશની ઉન્નતી એ અણુબોમ્બથી નહી પણ અહિંસાથીજ થઈ શકે આ દિશામાં બહેનોજ કેવળ મહત્વનો ભાગ ભજવી શકે એવી મોટી તાકાત ઈશ્વરે તેમને આપી છે.

**<u>સંદર્ભ :–</u>**


૧) સ્ત્રીઓ અને સ્ત્રી જીવનની સમસ્યાઓ.
૨) અમદાવાદ શહેરની સ્ત્રી નેતૃત્વ શકિત.
૩) ભારતીય નવ જાગૃતિના રાજકીય ચિંતકો.
૪) સરદાર પટેલ એક સમર્પિત જીવન.